BRAMPTON Service and Information Update

# સીટી ઓફ બ્રેમ્પટનનું એમ્પ્લોયી વેક્સિનેશન ડાઈરેક્ટિવ ઓક્ટોબર 4 થી અમલમાં આવે છે

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (સપ્ટેમ્બર 23, 2021) – સીટી ઓફ બ્રેમ્પટન બધાં કર્મચારીઓ અને જાહેર જનતા માટે આરોગ્યપ્રદ અને સુરક્ષિત કામકાજી વાતાવરણ પૂરું પાડવા કટિબદ્ધ છે. સીટી બધાં કર્મચારીઓ માટે સુરક્ષિત કામકાજી વાતાવરણની ખાતરી કરાવવા રિઓપનીંગ એક્ટ, અને ઓક્યુપેશનલ હેલ્થ એન્ડ સેફ્ટી એક્ટ (OHSA) હેઠળ કાયદેસર રીતે જવાબદાર છે.

મજૂર ભાગીદારો, જાહેર આરોગ્ય સાથે અને પ્રોવિન્સના નિયમનો અનુસાર ચાલુ કામગીરી અને સલાહ-મસલતને અનુસરીને, સીટી ઓફ બ્રેમ્પટન COVID-19 રસીકરણ વહીવટી નિર્દેશને અમલમાં મૂકી રહ્યું છે, જે સોમવાર, ઓક્ટોબર 4 થી અમલમાં આવશે.

આ નિર્દેશ હેઠળ, સીટી ઓફ બ્રેમ્પટનના બધાં કર્મચારીઓ, ઈજારદારો, સલાહકારો, વિદ્યાર્થીઓ અને સ્વયંસેવકોએ શુક્રવાર, ઓક્ટોબર 15, 2021 સુધીમાં COVID-19 રસીકરણ સ્થિતિનો પુરાવો વહેંચવો જરૂરી બનશે. મુક્તિ (એક્ઝેમ્પશન) ધરાવતા લોકોને ઓન્ટેરિયો હ્યુમન રાઈટ્સ કોડ હેઠળ સમાવવામાં આવશે.

રસી ન લીધી હોય તેવા, આ નિર્દેશ (ડાઈરેક્ટિવ) અમલી બનવાને લીધે રસી લેવાનું નક્કી કરનાર કર્મચારીઓએ રવિવાર, નવેમ્બર 14, 2021 સુધીમાં પોતાની રસીકરણ સ્થિતિ જાહેર કરવાની જરૂર પડશે.

સોમવાર, નવેમ્બર 15, 2021 સુધીમાં, રસીનો પુરાવો ન પૂરો પાડતા અને સમાવેશને લીધે મંજૂર થયેલી COVID-19 રસીકરણ મુક્તિની છૂટ ન ધરાવતા કર્મચારીઓએ COVID-19 રસીકરણ વિશે ફરજિયાતપણે શીખવાની જરૂર પડશે. વધુમાં, રસીકરણનો પુરાવો ન પૂરો પાડતા બધાં કર્મચારીઓએ નિયમિત COVID-19 પરીક્ષણમાંથી પસાર થવાની જરૂર પડશે. કર્મચારીઓએ કાર્યસ્થળે હાજર રહેવાના હેતુસર નકારાત્મક COVID-19 પરિણામ દેખાડવું રહ્યું.

પીલ પ્રદેશમાં સૌથી મોટા નિયોક્તાઓ (એમ્પ્લોયર્સ) પૈકી એક તરીકે, સીટી ઓફ બ્રેમ્પટન 6,000 ઉપરાંત કર્મચારીઓને રોજગાર આપે છે. તેઓ એ આરોગ્યપ્રદ અને સુરક્ષિત સ્થળ માટે કટિબદ્ધ છે જે કર્મચારીઓ અને તેઓ દ્વારા સેવા અપાતા સમુદાયની સુખાકારીને અગ્રતા આપે છે. COVID-19 સામે વધુ સંરક્ષણ પૂરું પાડવામાં મદદરૂપ થવા, સક્રિય તપાસ, વ્યક્તિઓ વચ્ચે શારીરિક અંતર જાળવવું અને અંગત સંરક્ષણાત્મક સાધન સહિતના તમામ આરોગ્ય ઉપાયો અમલમાં રહેશે.

-30-


**મિડિયા સંપર્ક :**

મોનિકા દુગ્ગલ (Monika Duggal)

કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ

વ્યૂહાત્મક સંવાદ

સીટી ઓફ બ્રેમ્પટન

905-874-3426 | Monika.Duggal@brampton.ca